# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દેવાતજ દ્વારા ગાંધી જયંતી નિમિત્તે "ગાંધીજીની વિચારધારા આધારિત ખેતી અને આજના સમય સાથે તેનો સંબંધ" પરત્વે કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તા. ૦૨/૧૦/૨૦૨૦ ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી ની ૧૫૦ મી જન્મ જયંતી અંતર્ગત વિશેષ સપ્તાહ ઉજવણી ના ભાગરૂપે "ગાંધીજીની વિચારધારા આધારીત ખેતી અને આજના સમય સાથે તેનો સંબંધ" વિષય ઉપર ગુગલમીટના માધ્યમથી ઓનલાઈન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં કેવિકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. જી.જી. પટેલ દ્વારા વિશ્વ સ્તરે નામના પામેલ આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી ના જીવન ચરિત્રની વાત કરી તેમજ ખેતી અને ગ્રામ્ય વિકાસ માટે ગાંધીજીના સ્વાવલંબન, શ્રમ અને સ્વચ્છતાના વિચારોનું વર્ણન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં હાજર રહેલ સોજીત્રા તાલુકાનાં ભડકદ ગામના પ્રગતીશીલ ખેડૂત અને શિક્ષક એવા રમેશભાઈ રાઠોડ દ્વારા આજની ખેતીમાં ગાંધીજીના સાત્વીક અને અહિંસક વિચારોની આવશ્યકતા વિષે હૃદયસ્પર્શી વ્યક્ત્વ આપવામાં આવ્યું. ડો. આર.એમ. પટેલ (વૈજ્ઞાનિક, પાક સંરક્ષણ) દ્વારા બીન-રાસાયણીક પધ્ધતિ દ્વારા રોગ-જીવાત નિયંત્રણ વિષે માહિતી આપવામાં આવી. કેવિકેના વૈજ્ઞાનિક (પશુપાલન) ડો. એસ.બી. કાટોલેએ બકરીના દુધની વિશેષતા પરત્વે ચર્ચા કરી તેમજ દુધાળા પશુઓના આરોગ્ય, પોષણ અને દૂધની ગુણવત્તા જાળવવા અંગેની માહિતી આપેલ. કાર્યક્રમના અંતે ડો.આર. એમ. પટેલ દ્વારા સર્વેનો આભાર માનવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન ડો. આર. એમ. પટેલ (વૈજ્ઞાનિક, પાક સંરક્ષણ) તેમજ ડો. વાય. સી. લકુમ (વૈજ્ઞાનિક, એગ્રોનોમી) દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવાતજ
AAU
"રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતી અંતર્ગત વિશેષ સપ્તાહ ઉજવણી"
૨૫ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર, ૨૦૨૦
"ગાંધીજીની વિચારધારા આધારિત ખેતી અને આજના સમય સાથે તેનો સંબંધ"
૨ ઓક્ટોબર, સાંજે ૪.૦૦ કલાકે
જોડાવા માટે: meet.google.com/pof-pqzv-wsm






Meeting details
Turn on captions
Present now